ક્રમાક: જીઆઈડીસી/નિ વિ / ૧૧
નિ.વિ. શાખા, વડી કચેરી,
ઉદ્યોગભવન ગાંધીનગર.
તા. ૦૮/૦૭/૨૦૨૨.

# // પરિપત્ર //

નોટીફાઇડ વિસ્તારોમાં મરામત અને જાળવણીને લગતાં કામો નોટીફાઇડ એરીયા ઓથોરીટી ધ્વારા કરાવવામાં આવે છે. જે કામો ઉધોગ અને ખાણ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૦૮ ના જાહેરનામાંની કલમ નં-૩૧ તથા ૩૨ માં આપવામાં આવેલ નિર્દેષો મુજબ કરાવવામાં આવે છે. તા. ૦૧/૦૪/૨૦૦૮ ના જાહેરનામાંની કલમ નં-૩૫ મુજબ કોઇપણ ઇજનેરી કામોમાં ગુણવત્તા અને નિયમનના ધોરણો જાળવવામાં આવ્યા છે. તેવું જે તે નોટીફાઇડ વિસ્તારના મુખ્ય અધિકારીશ્રીએ સુનિશ્રિત કરવાનું હોય છે. નિયામકશ્રી નિર્દિષ્ટ વિસ્તાર કોઇપણ કામના ગુણવત્તા અને નિયમન માટે તપાસ કરાવી શકશે. તેવા નિર્દેશ આપવામાં આવેલ છે.

આથી નોટીફાઇડ વિસ્તારોમાં મરામત અને જાળવણીના ટેન્ડર કામોમાં વેગ મળી રહે, કામો સમયમર્યાદામાં થાય અને કોઇ ગેરરીતી/ભ્રષ્ટાચાર થવાના પ્રશ્નો ઉભા ન થાય તે હેતુસર મરામત અને જાળવણીના ટેન્ડર કામોની ચકાસણી જીઆઈડીસીની ગુણવત્તા અને નિયમન શાખાએ કરવાનું સુનિશ્રિત કરવામાં આવે છે. નોટીફાઈડ વિસ્તારના મુખ્ય અધિકારીશ્રીએ તેઓના તાબા હેઠળ ચાલતા મરામત અને જાળવણીના કામોની ચકાસણી જીઆઈડીસીની ગુણવત્તા અને નિયમન શાખા મારફત કરાવવાની રહેશે.

પરિપત્રનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઈડીસી,ગાંધીનગર.

પ્રતિ,
તમામ નિર્દિષ્ટ વિસ્તારના મુખ્ય અધિકારીશ્રીઓ..................... તરફ અમલ કરવા સારૂ.

<u>નકલ રવાના:-</u>
પ્રતિ,
અધિક્ષક ઈજનેરશ્રી,(ગુ.નિ)
જીઆઇડીસી,ગાંધીનગર

રવાના કર્યુ ;-

મેનેજર ( મહેકમ )
જીઆઈડીસી , ગાંધીનગર